રાજકોટ ના મહે. ૮ મા અધિક ચીફ જયુડી.મેજી.સાહેબની કોર્ટમા,મુ.રાજકોટ.

ફો.કે.નં.– ૪૯૪૮/૨૦૧૮

આંક– ૬

શ્રી સરકાર ...........ફરીયાદી.

વિરુધ્ધ

મનીષભાઈ જમનાદાસ થડેશ્વર ........... આરોપી

**આરોપ :– એમ.વી. એકટ ૧૮૫**

**:: ઠરાવ ::**

(૧) આ કામે ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આરોપીએ બનાવના દિવસે પોતાના કબજા વાળુ વાહન કેફી પ્રવાહી પીધેલ હાલતમાં ડ્રાઈવીગ કરી મળી આવતા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો

(૨) આરોપી અત્રેની અદાલત સમક્ષ થતા આરોપીને પોલીસ પેપર્સની નકલ આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતાં હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છું. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર, તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજુઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું મને વ્યાજબી અને ન્યાયીક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

આ કામના આરોપીને કિ.પ્રો.કોડ ની કલમ ૨૫૨ મુજબ એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબના ગુના બદલ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પૂરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિવસ–૩૦ (ત્રીસ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલનો વચગાળાનો હુકમ કાયમ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એચ.એસ.પટેલ)**

**તારીખઃ– ૨૨/૦૪/૧૮** **૦૮માં અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ**

**રા જ કો ટ**

UIC CODE GJ00969